MOR/DFCCIL

ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર પ્રોજેક્ટ ફેઝ-1ની

વડોદરા અને રેવારી વચ્ચેની

પુનઃસ્થાપન અને પુર્નવસન યોજના (RRP)

નવેમ્બર, 2012

<u>એક્ઝીક્યુટીવ સમરી (કાર્યપાલક ટૂંકો અહેવાલ-સારાંશ)</u>

યોજના ઉપર એક દ્રષ્ટિક્ષેપ,

રેલવે મંત્રાલય બે મુખ્ય શહેરો દિલ્હી અને મુંબઈ તથા વચ્ચેના મહત્ત્વના સ્ટેશનો વચ્ચે કોઈપણ અંતરાય વગર ઓછા પરીવહન ખર્ચે અને ઓછા સમયે જથ્થાબંધ માલસામાનના ઝડપી અને નિર્વધ્ન પરિવહન માટે કોમ્પ્યુટરાઈઝડ મલ્ટી મોડેલ હાઈ એક્સેલ લોડ ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર પ્રોજેક્ટ (ડીએફસી પ્રોજેક્ટ)નું અમલીકરણ કરી રહી છે. એવી ગણતરી છે કે વર્ષ 2013 થી 2016 સુધીના 3-4 વર્ષના સમયગાળામાં તેનું બાંધકામ પૂર્ણ થઈ જશે. વ્યવસાયિક ધોરણે કામગીરી 2017થી શરૂ થઈ જશે તેવું આયોજન છે.

સામાન્ય વિશિષ્ટતાઓ

- કોરીડોરની લંબાઈ : આશરે 930 કીમી
- જંક્શન સ્ટેશનો – 10, ક્રોસીંગ સ્ટેશનો – 20
- મુખ્ય અને મહત્તવના પુલો – 207
- રસ્તા પરના ઓવર બ્રીજ (ROBs): 8
- એલાઈનમેન્ટ જે રાજ્યોમાંથી પસાર થાય છે તે રાજ્યો – ગુજરાત, રાજસ્થાન અને હરીયાણા રાજ્ય.
- આવરી લેવાતા જિલ્લાઓ : 17
- આવરી લેવાતા ગામડાઓ : 451
- ROW ની પહોળાઈ : સરેરાશ 35 મી. સમાંતર સેક્શનમાં અને 60 મી. વિમાર્ગી સ્ટેશન
- મહત્તમ ઝડપ – 100 કી.મી./કલાક

યોજનાના લાભો

ડીએફસી યોજનાનો હેતુ ભારતના અર્થતંત્રના વિકાસના વર્તમાન પ્રવાહને ઝડપી બનાવવા તથા પર્યાવરણમાં સુધારો કરવાનો છે.

- ભારતમાં માલસામાનના પરિવહનની પધ્ધતિમાં સુધારો કરી રાષ્ટ્રીય સ્તરે અર્થતંત્રના વિકાસને વેગવાન બનાવવો.
- ડીએફસીની સાથે સાથે ઔદ્યોગિક વિકાસ થવાથી આ ક્ષેત્રોમાં રોજગારીની તકોમાં વધારો થશે.
- ડીએફસી દ્વારા કૃષિ પેદાશોના પરિવહનમાં ઝડપથી દૂરના વિસ્તારો આવરી લઈ શકવાથી જે-તે ક્ષેત્રોના ખેડૂતોની કૃષિ પેદાશો, ઉપરાંત જંગલની પેદાશોના વિતરણમાં પણ સુધારો થશે.
- માલસામાનના પરિવહન માટે ટ્રકની તુલનામાં ઓછી ઉર્જા વપરાશ.
- ડીએફસી એલાઈનમેન્ટ ક્ષેત્રોમાં સ્થાનિક લોકોને ગેસ-પ્રદૂષણમાંથી મુક્તિ (એટલેકે રોડ પર ચાલતી ધૂમાડા-ગેસ છોડતી ટ્રકોમાં ઘટાડો).

પશ્ચિમિ કોરીડોરમાં ડીએફસી યોજના હેઠળ પ્રથમ તબક્કામાં જમીન સંપાદન

ડીએફસી એલાઈનમેન્ટ વડોદરા, અમદાવાદ, પાલનપુર, અજમેર અને રેવારીમાંથી પસાર થાય છે. યોજનાની ડીઝાઈન માટે રેખાકીય એકસરખી પહોળાઈમાં જમીન સંપાદન અને પુર્નવસન જરૂરી હતું. આ જમીનો ઉપર યોજનાના રસ્તાઓમાં આવતા ઉભા કરાયેલ કાયમી બાંધકામ, માળખાઓ, સ્થાનિક લોકોના ઘરો, શહેરી વિસ્તારો, રહેઠાણો, ખાણોની સાઈટ, અભ્યારણો વિગેરેના ખંડન/દૂર કરવા વિગેરેને ઘટાડવા કે ટાળવા માટે જરૂરી લાગ્યું ત્યાં વિમાર્ગી (વળાંકયુક્ત) એલાઈનમેન્ટ હાથ ધરવામાં આવ્યું છે. મૂળભૂત રીતે નવી એલાઈનમેન્ટ વર્તમાન સ્થાપિત રેલ્વે લાઈનને સમાંતર જ છે, પણ ગુજરાત રાજ્યમાં ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા અને હરિયાણા રાજ્યમાં રેવારીમે તે વિમાર્ગી થાય છે. જો કે, કેટલાક સ્થળોએ સમાંતર અને વિમાર્ગી એવા બંને ક્ષેત્રોમાં જમીન સંપાદન જરૂરી બન્યું છે.

અમલીકર્તા એજન્સી (EA)

ડેડીકેટેડ ફ્રેઈચ કોરીડોર કોર્પોરેશન ઈન્ડીયા લીમીટેડ (DFCCIL)

જમીન સંપાદન માટેનો મૂળભૂત કાયદો અને નિતી તથા ડીએફસી યોજના અંતર્ગત પુનઃસ્થાપન અને પુર્નવસન

- ✓ **રેલ્વે એમન્ડમેન્ટ એક્ટ 2008**

  આ અધિનિયમ હેઠળ ડીએફસી યોજના અંતર્ગત જમીન સંપાદન હાથ ધરવામાં આવશે (જેને ખાસ રેલ યોજના તરીકે જાહેર કરવામાં આવી છે). જમીન સંપાદન ધારો 1894ની જોગવાઈઓ આ અધિનિયમ હેઠળ લાગુ પડશે નહીં.

- ✓ **નેશનલ રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ પોલિસી 2007 (રાષ્ટ્રીય પુનઃસ્થાપન અને પુર્નવસન નિતી)**

  ડીએફસી યોજનાના કિસ્માં જમીનની સાંકડી પટ્ટી સંપાદન કરવી જરૂરી બની છે. રેલ્વે યોજના માટે રેખાકીય રીતે જમીન સંપાદન NRRP 2007નો પેરા 7.19 મૂળભૂત રીતે ડીએફસી યોજનાને લાગુ પડે છે.

- ✓ **સક્ષમ સત્તા**

  ડીએફસી જાહેર સૂચના દ્વારા નિર્ધારીત ક્ષેત્રો માટે સક્ષમ સત્તાની કામગીરી સંભાળવા કેન્દ્ર સરકારની જાહેર સૂચના દ્વારા અધિકૃત અધિકારીઓને સત્તા આપવામાં આવી છે.

RAA 2008 મુજબ હિત ધરાવતા વ્યક્તિ

1. આ અધિનિયમ હેઠળ સંપાદન થતી જમીનના કારણે વળતરમાં હિત ધરાવતા દાવો કરતી તમામ વ્યક્તિઓ
2. આદિજાતિ અને અન્ય પારંપરિક વનમાં નિવાસીત વ્યક્તિઓ જેઓ તેમનો પારંપરિક રહેઠાણનો હક્ક ગુમાવે છે જેઓને પછાત જાતિ હેઠળ માન્યતા મળેલ છે તથા પારંપરિક વન નિવાસીઓ (વન અધિકાર માન્યતા પ્રાપ્ત) અધિનિયમ, 2006 હેઠળના નિવાસીઓ.
3. આવી જમીનના વપરાશના હક્ક-હિત ધરાવતો કોઈપણ વ્યક્તિ, અને
4. જે-તે રાજ્યના કાયદા-કાનૂન હેઠળના ભાડુઆતના હક્ક ધરાવતી વ્યક્તિ

કટ-ઑફ તારીખ

RAA2008/NRRP 2007 મુજબ હક્ક/અધિકાર માટેની કટઑફ તારીખ એટલે એવી તારીખ જ્યારે RAA, 2008 અધિનિયમની કલમ 20-એ હેઠળ ટાઈટલ ધારકો અને બિનધારકો માટે જાહેર સૂચના પ્રસિદ્ધ કરવામાં આવેલ તારીખ.

પુનઃસ્થાપન અને પુર્નવસન નિતી (RRP)

યોજનાના કારણે અસર થતા લોકો (પીએપી)ની સ્થિતી યોજના પહેલાંની તેમની સ્થિતી કરતાં વધુ ખરાબ ના થવી/બગડવી ના જોઈએ તે સિદ્ધાંતો પર પુનઃસ્થાપન અને પુર્નવસન નિતી આધારિત છે.

RRP ના ઉદ્દેશ્યો -

- શક્ય હોય ત્યાં સુધી જમીન સંપાદીત ના કરવી અથવા ઓછામાં ઓછી જરૂર પૂરતી જ કરવી અને અસ્વૈચ્છિક પુર્નવસનને શક્ય તેટલા યોગ્ય વિકલ્પોથી ઘટાડવા.
- જ્યાં વિસ્થાપન અટકાવી શકાય તેમ ના હોય, ત્યાં અસરગ્રસ્તો માટે સમયમર્યાદાવાળું RRP તૈયાર કરો. અસરગ્રસ્ત કુટુંબો માટે પૂરતું પેકેજ અને તેમના સહયોગથી ઝડપી પુનઃસ્થાપન પ્રક્રીયા હાથ ધરવી.
- સમાજના નબળા વર્ગો કે અસરગ્રસ્ત જુથો જેવા કે ગરીબ, અનુસૂચિત જાતિ, જનજાતિ, મહિલાઓ, વૃધ્ધો અને વિકલાંગો માટે ખાસ કાળજી.
- અસરગ્રસ્ત લોકોને વધારે સારૂં જીવનધોરણ અને કાયમી આવક ઉભી કરી આપવી.
- અસરગ્રસ્ત કુટુંબો અને સંપાદન મંડળ વચ્ચે પારસ્પરિક સહકાર દ્વારા સમરસ સંબંધો સુલભ કરવા.
- વળતરની ચૂકવણી અને પુનઃસ્થાપન સહાય જમીન સંપાદન થતા પહેલાં અને કોઈપણ બાંધકામ પ્રવૃત્તિ પહેલાં મળી જાય તેની પૂર્તતા કરવી.

Basis Compensation Policy

પ્રાથમિક વળતર નિતી

- જમીન સંપાદનની જવાબદારી રેલ મંત્રાલય દ્વારા નિયુક્ત સક્ષમ સત્તાની રહેશે.
- મૂળભૂત રીતે, જમીન સંપાદનની રકમ જમીન ગુમાવનાર લોકોને RAA 2008 મુજબ ચૂકવવામાં આવે છે. RAA 2008 મુજબ તેની બજાર કિંમત નિર્ધારીત કરવામાં આવશે અને જમીનની બજાર કિંમત ઉપરાંત આ કિંમતના 60 ટકા રકમ વધારાની રકમ ફરજીયાત સંપાદનના દરેક કિસ્સામાં અવેજ પેટે ચૂકવવામાં આવશે. (RAA 2008 અધિનિયમની કલમ 20F(9)). નહીંતર, એવા કિસ્સાઓ જેમાં રાજ્ય સરકારે કોઈ કામગીરી કે રાજપત્રની સૂચના દ્વારા કે અન્ય સત્તા દ્વારા મંજૂર કર્યા પ્રમાણે રાજ્ય સરકાર (જે-તે હેતુ માટે અધિકૃત) અને તેમની મંજૂર કરાયેલ પ્રક્રીયા મુજબ જમીનના વળતર માટે દર નિર્ધારીત કરેલ છે, તેને સક્ષમ સત્તા RAA, 2008 માં દર્શાવેલ જોગવાઈઓના સ્થાને આ કિંમત/દરને જમીનના વળતર માટે સ્વીકારી શકે છે.
- જમીનમાં હિત ધરાવતો કોઈપણ વ્યક્તિ, જમીન સંપાદન કરવાના ઈરાદાની જાહેરાતની જાહેર સૂચના પ્રસિદ્ધ થયાની તારીખથી 30 દિવસ સુધીમાં, જમીન સંપાદનની આ પ્રક્રીયા સામે વાંધો ઉઠાવી શકે છે. (Section 20D (1), RAA 2008).
- જમીન ઉપર રહેલ ઈમારત (બિલ્ડીંગ) અને અન્ય સ્થાયી મિલકતો, તેની ઉપરના વૃક્ષો, છોડવાઓ, ઉભો પાક કે બાંધકામ કરેલ બિલ્ડીંગ કે જેનું સંપાદન કરવાનું થાય છે તેની બજાર કિંમત જે-તે ક્ષેત્રના નિયુક્ત કરેલ નિષ્ણાંતો દ્વારા આકારવામાં આવશે. (Section 20G (4,5,6), RAA 2008).
- વળતરની રકમ જમીન સંપાદનના જાહેરનામાની પ્રસિદ્ધિ તારીખથી સામાન્યતઃ 1 વર્ષમાં ચૂકવી દેવામાં આવશે. અસામાન્ય સંજોગો હેઠળ આ મુદત વધુ 6 માસ લંબાવી શકાશે. ઉપરાંત, જ્યારે વધારાની મુદતમાં ચૂકવણી કરવામાં આવે ત્યારે હક્કદાર વ્યક્તિને આ વધારાની રકમ ચૂકવવા થયેલ વિલંબ આવા દર માસના વિલંબ બદલ વધારાનું વળતર ચૂકવી આપવું પડશે (section 20F (1, 2), RAA 2008).
- જો હિત ધરાવનાર વ્યક્તિ દ્વારા વળતરની રકમ મેળવી લેવા માટે જાહેર સૂચના પ્રસિદ્ધીની તારીખથી એક વર્ષની મર્યાદામાં વળતરની રકમ માટે જે-તે દાવો કરવામાં નહીં આવે તો આ સંજોગોમાં વળતરની રકમ EA જોડે યોજનાના અંત સુધી અલગ ખાતામાં મૂકી રાખવામાં આવશે. હિત ધરાવનાર વ્યક્તિ પ્રત્યક્ષ કે તેના વારસદારો મારફતે સંતોષજનક પુરાવાઓ રજૂ કરીને વળતરની રકમ માટે દાવો કરી શકે છે.
- જમીન સંપાદન અધિનિયમ 1894ની કોઈપણ જોગવાઈઓ આ અધિનિયમ હેઠળ લાગુ પડશે નહીં.
- રેખાકીય જમીન સંપાદનના કિસ્સામાં, જેવી કે રેલવેના પાટાઓ કે જ્યાં જમીનનો બહુ સાંકડો ભાગ યોજનાના હેતુ માટે સંપાદિત કરવાનો જરૂરી છે અથવા તો રસ્તાના ઉપયોગ માટે વાપરવાનો છે, તે મુજબ અધિનિયમ કે યોજના કે સ્કીમ હેઠળ જમીન, મકાન કે અન્ય મિલકતોના સંપાદન માટે મળવાપાત્ર વળતર કે અન્ય લાભો ઉપરાંત, તેવા અસરગ્રસ્ત કુટુંબના દરેક

ખાતેદારને સંપાદન મંડળ દ્વારા જે-તે સરકારે નક્કી કરે તે રહેમરાહની રકમ, પણ રૂા. 20,000થી ઓછા નહીં તે ચૂકવવામાં આવશે. (NRRP 2007)

- અસરગ્રસ્તોના કિસ્સામાં જેઓ સંપાદન થકી ભૂમિવિહોણા બની જાય છે અથવા તો જેઓનું સ્થાન સીમાંત ખેડૂતમાંથી નાના ખેડૂતો થઈ જાય છે તેઓ પુનઃસ્થાપન માટે કૃષિક્ષેત્રની રોજગારી મહેનતાણાના લઘુત્તમ 750 દિવસ જેટલી રકમના અનુદાન માટે હક્કદાર રહેશે.

યોજના માટે પુનઃસ્થાપન અને પુર્નવસન અંગેના સામાન્ય સિધ્ધાંતો

- ✓ યોજનાના અસરગ્રસ્તો/કુટુંબોને ટાઈટલ હોલ્ડર (માલિકો), બિનમાલિકો, ભાડુઆતો, જમીનના વપરાશકારો જેવા કે ખુલ્લી હાટડીઓ કે ખુમચાવાળાઓ વિગેરેમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- ✓ અસરગ્રસ્તો અને કુટુંબોને વળતર અને સહાય હક્કના ધોરણે પુરૂં પાડવામાં આવશે.
- ✓ અસરગ્રસ્તો તથા કુટુંબોને તેમનું જીવનધોરણ સુધારવા તથા પાછું મેળવવા યોજનાના ખર્ચે જરૂરી સહાય પૂરી પાડવામાં આવશે.
- ✓ અસરગ્રસ્ત લોકો અને કુટુંબો હક્કના ધોરણોમાં દર્શાવ્યા અનુસાર પુનઃસ્થાપન અને પુર્નવસનની વધારાની સહાય માટે હક્કદાર રહેશે.
- ✓ અસરગ્રસ્ત લોકો/કુટુંબો તેમની ગુમાવેલ મિલકતોની મૂળ કિંમત માટે વળતર મેળવશે.
- ✓ જો કે, કટઑફ તારીખ પછી યોજનાના વિસ્તારમાં આવનાર નવા કોઈપણ લોકો કોઈપણ પ્રકારની સહાય માટે હક્કદાર રહેશે નહીં.
- ✓ યોજનામાં પુર્નવસન માટે અલગથી બજેટ ફાળવાયેલ હશે.
- ✓ પુનઃસ્થાપન અને પુર્નવસન નિતી, સુધારાત્મક પગલાંઓ, પુર્નસ્થાપન યોજનાની તૈયારીઓ અને અમલીકરણ વિગેરે પ્રકારની બધી જ માહિતી બધા જ હિતધારકો/ સંભવિત અસરગ્રસ્તો /કુટુંબો સમક્ષ જાહેર કરવામાં આવશે.
- ✓ યોજનાના જુદા જુદા સ્તરે હિતધારકોની અર્થપૂર્ણ સહભાગિતા જળવાઈ રહે તે માટે પીસીએમ.
- ✓ વિવાદોનું ઝડપી નિરાકરણ થાય તેની પૂર્તતા માટે યોગ્ય તકરાર નિવારણ પધ્ધતિની સ્થાપના કરાશે.
- ✓ હિતધારકો અને અસરગ્રસ્ત લોકો/કુટુંબો સાથે વાતચીત/પરામર્શ કરવામાં આવશે અને તેની નોંધ જાળવી રાખવામાં આવશે. RRP ના અમલીકરણ સમયે પણ અર્થપૂર્ણ વાર્તાલાપ ચાલુ રહે તેની પૂર્તતા કરાશે.
- ✓ કટઑફ તારીખ પછી ટાઈટલ ધારણના દરજ્જા કે ભાડુઆતના દરજ્જામાં કોઈપણ ફેરફારને ધ્યાને લેવાશે નહીં.

વળતર, સહાય અને પુનઃસ્થાપન માટે લાયકાત -

- ✓ વળતર હક્કમાટેની કટઑફ તારીખ એટલે એવી તારીખ જેના રોજ RAA 2008 ની કલમ 20-એ હેઠળ અસરગ્રસ્ત ઝોનમાં કાયદેસરના માલિકો અને બિનમાલિકો માટે નિર્ધારીત કરેલ જાહેર સૂચના પ્રસિદ્ધ કરવામાં આવેલ તારીખ.
- ✓ હક્કના ધોરણો અનુસાર અસરગ્રસ્ત વ્યક્તિઓના જુદા જુદા વર્ગો માટેની લાયકાત અહીં નીચે સેક્શનમાં દર્શાવેલી છે.
- ✓ લાયકાત માટેના ધોરણનું કુટુંબ જ ગણાશે.
- ✓ માલિકી હક્ક ધરાવતા અસરગ્રસ્તો / કુટુંબો વળતર તથા સહાય બંને માટે લાયક ગણાશે.

- ✓ બિન-માલિકી હક્ક ધરાવતા અસરગ્રસ્ત લોકો/કુટુંબો તેમની કબજાની જમીનના સંપાદન માટે વળતર માટે લાયક ઠરશે નહીં. અતિક્રમણ/દબાણ જમીન મેળવેલ લોકો (હક્ક ધોરણોમાં દર્શાવેલ નોંધ-એફ મુજબ)ને દબાણની આવી જમીન ખાલી કરવા માટે ત્રણ માસની નોટીસ જારી કરવામાં આવશે અને નોટીસ જારી કરવામાં ના આવે તો ઉભા પાક કે માળખા પેટેના નુક્સાન પેટે વળતર આપવામાં આવશે. અન્યોની જમીન પર દબાણ કરી રહેનારા લોકોના બાંધકામ માળખા દૂર કરવા બદલ તેની મૂળભૂત કિંમત તેઓને રોકડ સહાય રૂપે આપવામાં આવશે. જો કે, પુર્નવસન નિતી અને હક્કના ધોરણો આધારિત R&R સહાય માટે પણ તેઓ લાયક રહેશે.
- ✓ જો કોઈ સંજોગોમાં અસરગ્રસ્ત લોકો/કુટુંબો વસ્તીગણતરી સમયે ધ્યાને લેવાયા ના હોય, તેમ છતાં કટઑફ તારીખે તેઓ અસરગ્રસ્ત ક્ષેત્રમાં તેઓની ઉપસ્થિતી/હાજરી હતી તે માટેના યોગ્ય પુરાવાઓ ધરાવતા હોય તેઓને તકરાર નિવારણ સમિતી દ્વારા યોગ્ય ચકાસણી બાદ અસરગ્રસ્તો/કુટુંબોની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવશે.
- ✓ અસર પામેલા જુથના અસરગ્રસ્ત લોકો/કુટુંબો હક્કના ધોરણોમાં નિર્દિષ્ટ કરેલ વધારાની સહાય માટે લાયક ગણાશે.
- ✓ અસરગ્રસ્ત લોકો/કુટુંબો જમીન સંપાદન માટેની જરૂરી કામગીરી થકી તોડફોડ કે ઉખાડી કાઢેલ નકામા કાટમાળ કે સામગ્રીને યોજનામાં વિલંબ કર્યા વગર નિઃશુલ્ક પણે લઈ જવા માટે હક્કદાર રહેશે.
- ✓ કટઑફ તારીખ પહેલાં જમીન/માળખું ખાલી કરવા માટેની નોટીસ જે-તે વ્યક્તિ કે કુટુંબને જારી કરી દેવાયેલ હોય અને જો તેનો કેસ અદાલતમાં પેન્ડીંગ હોય તો અસરગ્રસ્ત લોકો/કુટુંબ માટેની લાયકાત અદાલત દ્વારા નક્કી થનાર કાયદાકીય સ્થાન (સ્ટેટસ) પર નિર્ભર કરશે અને આ અસરગ્રસ્ત લોકો/કુટુંબો RRPની જોગવાઈઓ મુજબ વળતર/સહાય માટે લાયક રહેશે.

RAA 2008 અને NRRP 2007 આધારિત ડીએફસી યોજના માટેના હક્ક ધોરણોનો કોઠો

ક્રમ	અરજી	અસરગ્રસ્ત લોકોની વ્યાખ્યા	અધિકાર	વિગતો
A. કૃષિની ખાનગી જમીન, ઘરવાડી કે વ્યવસાયિક જમીન ગુમાવનારાઓ				
1.	**યોજનાના રસ્તામાં આવતી જમીન**	કાયદેસરના માલિકધારકો અને જમીન પરત્વેના પારંપરિક હક્કો ધરાવતા અસરગ્રસ્ત પક્ષકારો	1. રીપ્લેસમેન્ટ-ફેરબાંધકામ (પુનઃસ્થાપન ખર્ચ) પુરતું વળતર 2. પુનઃસ્થાપન અને પુર્નવસન	(i) બજાર કિંમત પ્રમાણે રોકડ વળતર (બજાર કિંમતની ગણતરી RAA 2008 ની કલમ 20-જીમાં દર્શાવેલ નોંધ-એ નિર્ધારીત થશે. (ii) ઉપર (i)મુજબ નિર્ધારીત વળતર ઉપર 60 ટકા રકમ સોલેટીમ (વધારાની) (section 20F(9) of RAA 2008). (iii) રાજ્ય સરકારે કોઈ કામગીરી કે રાજપત્રની સૂચના દ્વારા કે અન્ય સત્તા દ્વારા મંજૂર કર્યા પ્રમાણે રાજ્ય સરકાર (જે-તે હેતુ માટે અધિકૃત) અને તેમની મંજૂર કરાયેલ પ્રક્રીયા મુજબ જમીનના વળતર માટે દર નિર્ધારીત કરેલ હોય જે સક્ષમ સત્તા દ્વારા જમીનના વળતરની ગણતરી માટે ઉપરના (i) અને (ii) સિવાય સ્વીકારાયેલ હોય તે મુજબનું વળતર. (vi) 1500 ચો.મી. સુધી જમીન ગુમાવનારાઓ માટે વધારાનું રહેમરાહે રૂ. 20,000નું અનુદાન, તથા 1500 ચો.મી.થી વધારાના સંપાદન વિસ્તાર માટે ચો.મી. દીઠ રૂા. 15નું વળતર. (NRRP 2007 નો ફકરો 7.19). (v) જો જમીન સંપાદનના પરીણામે જમીન માલિક જમીન વિહોણો બને અથવા તો તેની કક્ષા સીમાંત કે નાના ખેડૂતની ગણાનામાં આવે તો પુનઃસ્થાપન સહાય પેટે વધારાના કૃષિ મહેનતાણાના લઘુત્તમ 750

ક્રમ	અરજી	અસરગ્રસ્ત લોકોની વ્યાખ્યા	અધિકાર	વિગતો
				દિવસ જેટલું ગણીને આપવામાં આવશે. (vi) બજાર કિંમત આધારીત વળતર માટેના શંકા કે સંઘર્ષમય દાવાઓના સંજોગોમાં સક્ષમ સત્તા ઈચ્છે તો વળતર નિર્ધારીત કરતાં પહેલાં સ્વતંત્ર મૂલ્યાંકન કરાવી શકે છે. આ અંગેની વિગતવાર પ્રક્રીયા નોંધ-બીમાં આપેલ છે. (vii) બાકીની બાબતો અંગે સંપાદન/વળતર માટેની નિતી નોંધ-સી પ્રમાણેની રહેશે. (viii) રીપ્લેસમેન્ટ-ફેરબાંધકામ જમીન માટેનું સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ખર્ચનું રીફંડ યોજના હેઠળ ચૂકવાશે, જો કે રીપ્લેસમેન્ટ જમીન RAA 2008ની કલમ 20(એચ)માં વ્યાખ્યાંકિત અસરગ્રસ્ત પક્ષકારને ચૂકવાયેલ વળતરની તારીખથી તેણે એક વર્ષમાં ખરીદી લેવાની રહેશે.
2.		નોંધણીયુક્ત ભાડુઆતો, કરાર આધારિત ખેડૂતો અને લીઝધારકો	ઉભા પાક માટે બજાર કિંમતે વળતર	નોંધાયેલ ભાડુઆતો, કરાર આધારિત ખેતી કરતા ખેડૂતો અને લીઝધારકો જમીનના વળતર માટે હક્કદાર રહેશે નહીં. EA દ્વારા તેઓને ત્રણ માસની આગવી નોટીસ જારી નહીં કરાયેલ હોય તો તેઓ માત્ર ઉભા પાકની બજાર કિંમત પૂરતું વળતર માટે હક્કદાર રહેશે.
3.		નહીં-નોંધાયેલ ભાડુઆતો, કરાર આધારીત ખેડૂતો, લીઝધારકો, ખેડ કરનારાઓ	ઉભા પાક માટે બજાર કિંમતે વળતર	નહીં-નોંધાયેલ ભાડુઆતો, કરાર આધારિત ખેતી કરતા ખેડૂતો અને લીઝધારકો, ખેડકરનારાઓ જમીનના વળતર માટે હક્કદાર રહેશે નહીં. EA દ્વારા તેઓને ત્રણ માસની આગવી નોટીસ જારી નહીં કરાયેલ હોય તો તેઓ માત્ર ઉભા પાકની બજાર કિંમત પૂરતું વળતર માટે હક્કદાર રહેશે. ખેડકરનારાઓના કિસ્સાઓમાં વળતર જમીન માલિક અને તેઓ વચ્ચે થયેલ વહેંચણીના ગુણોત્તર આધારિત રહેશે.
B. ખાનગી બાંધકામ/માળખાઓ ગુમાવનાઓ માટે (રહેણાંક/વ્યવસાયિક)				
4.	યોજનાના રસ્તામાં આવતા માળખાઓ / બાંધકામો	ટાઈટલ ધારકો/માલિકો	રીપ્લેસમેન્ટ દરે વળતર પુનઃસ્થાપન અને પુર્નવસન સહાય	(i)માળખા/રચના માટે રીપ્લેસમેન્ટ દરે રોકડ સહાય જે નોંધ-ડી પ્રમાણે નિર્ધારીત થશે. (ii) તોડી પાડેલ કરેલ માળખાનો કાટમાળ લઈ જવાનો હક્ક (iii) માળખું ખાલી કરવા ત્રણ માસની નોટીસ (iv) ઉપર દર્શાવેલ (i) માં નક્કી કર્યા મુજબ બજારના વર્તમાન ભાવે વૈકલ્પિક મકાન/દુકાન ખરીદવા માટેનું સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ખર્ચનું રીફંડ ચૂકવાશે, જો કે વૈકલ્પિક મકાન/દુકાન RAA

ક્રમ	અરજી	અસરગ્રસ્ત લોકોની વ્યાખ્યા	અધિકાર	વિગતો
				2008ની કલમ 20(એચ)માં વ્યાખ્યાંકિત અસરગ્રસ્ત પક્ષકારને ચૂકવાયેલ વળતરની તારીખથી તેણે એક વર્ષમાં ખરીદી લેવાની રહેશે. (v) પુનઃસ્થાપન અને પુર્નવસન સહાય નીચે મુજબ લાગુ પડશે - (a) સંક્રમણના સમયગાળાનું ભથ્થું ઘરદીઠ રૂા. 4000/- (b) અસરગ્રસ્ત એવા દરેક વિસ્થાપિત થતા કુટુંબને એકવખતની નાણાંકીય સહાય પેટે રૂા. 10,000/- સ્થાંતર ભથ્થું (NRRP 2007નો ફકરો 7.10). (c) અસરગ્રસ્ત પશુપાલન કરતા હોય અને વિસ્થાપિત એવા દરેક કુટુંબને પશુઓ માટે શેડ બાંધવા એકવખતની નાણાંકીય સહાય પેટે રૂા. 15,000/- સ્થાંતર ભથ્થું (NRRP 2007નો ફકરો 7.10). (d) અસરગ્રસ્ત એવો દરેક વ્યક્તિ જે ગ્રામ્ય કસબી/કારીગર હોય, નાનો વેપારી કે સ્વરોજગાર ધરાવતો હોય અને વિસ્થાપિત થાય તેવી દરેક વ્યકિતને કાર્યકારી શેડ કે દુકાનના બાંધકામ માટે એકવખતની નાણાંકીય સહાય પેટે રૂા. 25,000/- (NRRP 2007નો ફકરો 7.12). (e) ગરીબી રેખા નીચે જીવતા લોકોને વિસ્થાપિત થવાના કિસ્સામાં ઘર/મકાન બાંધવા માટે સહાયની રકમ ગ્રામ્ય વિસ્તારોમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળના આધુનિક બાંધકામના ખર્ચ જેટલી અને શહેરી વિસ્તારોમાં આ રકમ JNURM યોજના હેઠળ અપાતા બાંધકામ ખર્ચ જેટલી ચૂકવાશે.
5.	યોજનાના રસ્તામાં આવતા બાંધકામ/માળખાઓ	ભાડુઆતો/ લીઝ ધારકો	પુનઃસ્થાપન અને પુર્નવસન સહાય	(i) નોંધણી કરાયેલ લીઝી (ભાડાપટ્ટેદારો) સ્થાનિક નિયમો મુજબ માળખાના માલિકને મળવાપાત્ર વળતરની ભાગે પડતી રકમ માટે હક્કદાર રહેશે. (ii) ભાડુઆતના કિસ્સાઓમાં રૂા. 10,000/-ના સ્થળાંતર ભથ્થાની સાથે ત્રણ માસની આગવી નોટીસ પાઠવવામાં આવશે (NRRP 7.11). (iii) માળખું ખાલી કરવા માટે ત્રણ માસની નોટીસ. નોટીસ આપવામાં ન આવી હોય તો નોટીસના બદલે ત્રણ માસનું એડવાન્સ ભાડા ભથ્થું આપવામાં આવશે.
C. ઝાડ/વૃક્ષ તથા પાકનું નુક્સાન				

ક્રમ	અરજી	અસરગ્રસ્ત લોકોની વ્યાખ્યા	અધિકાર	વિગતો
6.	યોજનાના રસ્તામાં આવતા ઉભા વૃક્ષો, પાક	જમીનના માલિકો અને લાભાર્થીઓ	બજાર કિંમત પ્રમાણે વળતર	(i) ફળો, ઉભા પાકો અને વૃક્ષો વિગેરેની લણણી કરી લેવા અસરગ્રસ્ત પક્ષકારોને ત્રણ માસની આગવી નોટીસ (ii) વળતરની ચૂકવણી નીચેનાઓના અંદાજીત દરે કરવામાં આવશે- (a) સાગના વૃક્ષો માટે વન વિભાગ (b) ઉભા પાક માટે રાજ્ય કૃષિ વિસ્તરણ વિભાગ (c) બારમાસી છોડો માટે બાગાયત વિભાગ (d) ટાઈટલ ધારકોને રોકડમાં સહાય અને બિન-ધારકો (અનૌપચારિક ખેડ કરનારા, ને બિનજમીન ધારકો સહિતના)ને વૃક્ષો, પાક અને બારમાસી છોડો માટે બજાર કિંમતે સહાય

D. રહેણાંક/વ્યવસાયિક સંકુલ ગુમાવનાઓ માટે (બિનટાઈટલ ધારકો)				
7.	યોજનાના રસ્તામાં આવતા માળખાઓ	જાહેર સૂચના પ્રસિદ્ધી તારીખના રોજ માળખાના ઓળખી કઢાયેલ માલિકો (20A).	રીપ્લેસમેન્ટ કિંમતે વળતર પુનઃસ્થાપન અને પુર્નવસન સહાય	(i) અતિક્રમણ કરનારાઓ (નોંધ-એફમાં વ્યાખ્યાંકિત)ને ત્રણ માસની નોટીસ આપીને કબ્જાની જમીન ખાલી કરાવાશે અથવા નોટીસ ના અપાય તો માળખા કે પાકના નુક્સાન માટે વળતર અપાશે. અન્યોની જમીન પર ખેડ કરનાર(નોંધ-એફમાં વ્યાખ્યાંકિત)ને તેમના માળખા માટે રીપ્લેસમેન્ટ કિંમત રોકડ સહાય સ્વરૂપે (જેનું નિર્ધારણ નોંધ-ડીમાં દર્શાવ્યા મુજબ) (ii) પુનઃસ્થાપન અને પુર્નવસન સહાય નીચે મુજબ અપાશે : (a) સંક્રમણ સમય ભથ્થું ઘરદીઠ રૂા. 4,000/- (b) સ્થળાંતર ભથ્થું ઘરદીઠ રૂા. 10,000/- (para 7.11 NRRP 2007). (c) પશુ માટેનો શેડ ગુમાવનારને રૂા. 15,000ની સહાય (para 7.10 NRRP 2007). (d) જો વિસ્થાપીત થતો અસરગ્રસ્ત પક્ષકાર ગ્રામ્ય કસબી/કારીગર, નાનો વેપારી કે સ્વરોજગારધારક હોય તો રૂા. 25,000/-ની કાર્યકારી શેડ કે દુકાન બનાવવા માટેની સહાય (para 7.12 NRRP 2007). e) ગરીબી રેખા નીચે જીવતા લોકોને વિસ્થાપિત થવાના કિસ્સામાં ઘર/મકાન બાંધવા માટે સહાયની રકમ ગ્રામ્ય વિસ્તારોમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળના આધુનિક બાંધકામના ખર્ચ જેટલી અને શહેરી વિસ્તારોમાં આ રકમ JNURM યોજના હેઠળ અપાતા બાંધકામ ખર્ચ જેટલી ચૂકવાશે.
E. **આજીવિકાનું નુક્સાન**				
8.	યોજનાના રસ્તા ઉપર રહેતા કુટુંબો	ટાઈટલ ધારકો/ બિનટાઈટલધારકો/ ખેડ કરનારાઓ/ ખેતમજૂરો અને નોકરીયાતો	પુનઃસ્થાપન સહાય	(i) આજીવિકા ગુમાવનાર કુટુંબોને કૃષિ રોજગારના લઘુત્તમ 750 દિવસની રકમ જેટલું પુનઃસ્થાપન અનુદાન (NRRP નો પેરા નં. 7.14) (જમીન ટાઈટલ ધારકો ઉપરની કલમ 1(v) હેઠળ 750 દિવસનું લઘુત્તમ અનુદાન સહાય મેળવતા હોય તેઓ આ સહાય માટે હક્કદાર રહેશે નહીં). (ii) ઘરદીઠ આવક ઉભી કરવાની તાલીમ પેટે તાલીમ ભથ્થું રૂા. 4,000/- (iii) અસરગ્રસ્તોમાં સરેરાશ ગરીબી રેખાથી નીચે જીવતા લોકોને લક્ષ્યમાં રાખી યોજના કોન્ટ્રાક્ટર દ્વારા બાંધકામ સમયે શક્ય તેટલા વધુ સમય સુધી તેઓ માટે યોજનાના બાંધકામ કાર્યમાં કામચલાઉ ધોરણે રોજગારી

E1 અસરગ્રસ્ત જુથો અને ગરીબી રેખાની નીચેના અસરગ્રસ્તોને વધારાની સહાય (નોંધ-ઈ મુજબ)				
9.	ROW ના કારણે અસરગ્રસ્ત કુટુંબો	ROW ના કારણે અસરગ્રસ્ત કુટુંબો	પુનઃસ્થાપન અને પુનર્વસન સહાય	૩૦૦ દિવસની લઘુત્તમ રોજગારી જેટલી રકમનું મહેનતાણાની એકવખતની આર્થિક સહાય
E2	**અનુસૂચિત જાતિના અસરગ્રસ્ત કુટુંબોને વધારાની સહાય**			
10.	અસરગ્રસ્ત અનુસૂચિત જાતિ	ROW ના કારણે અસરગ્રસ્ત કુટુંબો	પુનઃસ્થાપન સહાય	(i) અ.જા.ના દરેક અસરગ્રસ્ત કુટુંબને પ્રથાગત હક્ક કે વનપેદાશોના વપરાશ ગુમાવવાને કારણે વધારાની એકવખતની આર્થિક સહાય પેટે ૫૦૦ દિવસના કૃષિ રોજગારીના મહેનતાણાની રકમ જેટલી સહાય (para 7.21.5 NRRP 2007). (ii) અ.જા.ના દરેક અસરગ્રસ્ત કુટુંબની જો જમીન સંપાદન કરવામાં આવી હોય તો મળવાપાત્ર વળતરની ઓછામાં ઓછી એક તૃતિયાંશ રકમ અસરગ્રસ્ત કુટુંબને શરૂઆતના તબક્કે પ્રથમ હપતા રૂપે ચૂકવાશે જ્યારે બાકીની રકમ જમીનનો કબજો મેળવવા સમયે ચૂકવાશે. (para 7.21.4 NRRP 2007)
F. સામુદાયિક માળખા/સામુદાયિક મિલકત સંશાધનો ગુમાવવા અંગે				
11.	ROW પરના માળખાઓ અને અન્ય સંશાધનો (જેવા કે જમીન, પાણી, સામાજિક સેવાઓથી વંચિત થવું વિગેરે)	અસરગ્રસ્ત સમુદાયો અને જુથો	સામુદાયિક માળખાઓ અને સાર્વજનિક મિલકતોનું પુનર્નિમાણ	સામુદાયિક માળખાઓનું પુનઃનિર્માણ અને સાર્વજનિક મિલકત સંશાધનો-સ્ત્રોતોનું સમુદાય સાથે રીપ્લેસમેન્ટ, જે યોગ્ય હોય તે.
G. બાંધકામ સમયે કામચલાઉ અસરો				
12.	બાંધકામ સમયે જમીન અને મિલકતોને થતી કામચલાઉ અસરો	જમીન અને મિલકતોના માલિકો	બાંધકામો સમયે થતી કામચલાઉ અસરો જેવી કે સામાન્ય પરીવહનમાં અડચણો, પ્લાન્ટ સાઈટ પર ભારેખમ યંત્રો/ મશીનરીઓની હેરફેરના કારણે અડોઅડ આવેલી જમીન/મિલકતોમાં થતું નુક્સાન	બાંધકામ સમયે ભારેખમ યંત્રોની હેરફેર કે બાંધકામ પ્લાન્ટની સ્થાપના થકી માળખા કે જમીન પર થયેલી આવી કોઈપણ અસરોનું વળતર કોન્ટ્રાક્ટર ભોગવશે. સૂચીત ROW ની બહારની જમીનનો કામચલાઉ ઉપયોગ જે-તે જમીનમાલિક પાસેથી કોન્ટ્રાક્ટરે લેખિત મંજૂરી મેળવ્યા બાદ કરવાનો રહેશે. કોન્ટ્રાક્ટર્સના કેમ્પ્સના સ્થાનો DFCCIL સાથે પરામર્શ થકી નક્કી કરાશે.

Note A

1. વળતરની રકમ સક્ષમ સત્તા દ્વારા RAA 2008 ની કલમ 20 (G) ની જોગવાઈઓ હેઠળ નક્કી કરવામાં આવશે જે જમીનની બજાર કિંમતનું મૂલ્યાંકન કરવાના નીચેના માપદંડો નિર્દિષ્ટ કરે છે

(i) જમીન સ્થાપિત હોય તેવા જે-તે વિસ્તારમાં વેચાણકરારની નોંધણી માટે ભારતીય સ્ટેમ્પ ધારા, 1899 માં નિર્દિષ્ટ કર્યા મુજબ જમીનની લઘુત્તમ કિંમત, જો કોઈ હોય તો તે મુજબ, અથવા

(ii) જે-તે ગામ કે આસપાસના ક્ષેત્રમાં આવા જ પ્રકારની સ્થિત જમીનની સરેરાશ વેચાણ કિંમત જે છેલ્લા ત્રણ વર્ષના નોંધાયેલ વેચાણ કરારના ઓછામાં ઓછા 50 ટકા કરારો જેમાં વધારે કિંમત ચૂકવવામાં આવી હોય તે બંનેમાંથી જે વધુ હોય તે આધારિત આંકવાની રહેશે.

2. જે કોઈ સ્થળે ઉપરની જોગવાઈઓ લાગુ પડે તેમ ના હોય, ત્યાં સંબંધિત રાજ્ય સરકાર જે-તે જમીન માટે યુનિટ વિસ્તાર માટે, આસપાસના વિસ્તારો કે ક્ષેત્રોમાં સ્થિત આવા પ્રકારની જમીનની ચૂકવાયેલ સરેરાશ ઉંચી કિંમત, જેની આકારણી છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયેલ વેચાણ કરારના ઓછામાં ઓછા 50 ટકા આવા કરારોની વધારે ચૂકવાયેલ કિંમત, બંને માંથી જે વધારે હોય તે આધાર તળીયાની કિંમત નક્કી કરશે અને તેને આધારે સક્ષમ સત્તા જમીનનું મૂલ્ય નિર્ધારીત કરશે. (RAA 2008ની કલમ 20(જી) અનુસરવાની રહેશે).

3. વળતરની રકમ નિર્ધારીત કરતા સમયે, RAA 2008 ની કલમ 20-એફ(8)ની જોગવાઈઓ પ્રમાણે સક્ષમ સત્તા કે લવાદ નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લેશે :

(i) આવી કે અન્ય જમીનના ભાગ/ટુકડા પડતા હોય તે કારણથી જમીનનો કબજો લેતા સમયે હિત ધરાવતા વ્યક્તિને થયેલ નુક્સાન જો તેણે સહન કરવાનું આવે,

(ii) આવી કે અન્ય જમીનના ભાગ/ટુકડા પડતા હોય તે કારણથી જમીનનો કબજો લેતા સમયે હિત ધરાવતા વ્યક્તિને સંપાદન સમયે હાનિકારક રીતે તેની અન્ય સ્થાયી મિલકતો કે તેની આવકને થયેલ કોઈપણ પ્રકારનું નુક્સાન જો તેણે સહન કરવાનું આવે,

(iii) જો જમીન સંપાદના કારણે, હિતધરાવતા વ્યક્તિને તેનું ઘર બદલવાની ફરજ પડતી હોય કે વ્યવસાયનું સ્થળ બદલવાની ફરજ પડતી હોય તો થયેલ વ્યાજબી ખર્ચાઓ, જો કોઈ હોય તો, આમ બદલવા માટેના પ્રાસંગિક ખર્ચાઓ

4. સંપાદન થનાર જમીનની બજાર કિંમતનું મૂલ્યાંકન અને નિર્ધારણ કરતાં પહેલાં, સક્ષમ સત્તા...

(i) આવી જમીનના સંભવિત વપરાશનો પ્રકાર આંકવો, અને

(ii) સંભવિત વપરાશના પ્રકારની જમીનના આસપાસના ક્ષેત્રો કે વિસ્તારની જમીનનું મૂલ્ય ધ્યાને લેવું

5. જો કોઈ સંજોગોમાં સંપાદન થનાર જમીન ઉપર વપરાશકર્તાનો હક્ક કે અવરજવરના રસ્તાનો હક્ક તરીકે હોય, તો RAA 2008 ની કલમ 20-એફ(1) હેઠળ નિર્ધારીત કરેલ વળતરની રકમના 10 ટકા રકમ EA દ્વારા માલિકને કે જમીનમાં અવરજવરના રસ્તા તરીકે હિત ધરાવતા અસરકર્તા વ્યક્તિને ચૂકવવાની રહેશે.

Note B નોંધ-બી

DFCCIL સરકારમાં નોંધાયેલ સ્વતંત્ર મૂલ્યાંકનકારને પણ રોકી શકે છે જે નીચે મુજબ જમીનની રીપ્લેસમેન્ટ કિંમતનું મૂલ્યાંકન કરવા સહાય કરે અને સક્ષમ સત્તાને જરૂરી વિગતો પૂરી પાડી શકે :

(i) ગામ કે શહેર કે આસપાસના વિસ્તારોમાં હાલમાં જ થયેલા આવા જ પ્રકારની જમીનના ટાઈટલ ડીડ્સના વેચાણો અને તબદીલીઓ તથા નોંધણી પ્રમાણપત્રોનું મૂલ્યાંકન કરવું

(ii) જે-તે જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોનો સર્કલ રેટનું મૂલ્યાંકન કરવું.

(iii) જે-તે જમીનનો કૃષિ ઉત્પાદકતા દર – 20 વર્ષની ઉપજનું મૂલ્યાંકન કરવું.

સક્ષમ સત્તા જમીનનું વળતર નક્કી કરવા માટે સ્વતંત્ર મૂલ્યાંકનકાર પાસેથી મળેલ માહિતીનો આધાર લઈ શકે છે.

Note C નોંધ-સી

જો બાકી રહેલ પ્લોટ/જમીન આર્થિક રીતે બિનઉપયોગી બની રહે તો EA રાજ્યમાં લાગુ પડતા નિતિ-નિયમોને અનુસરશે અને તે મુજબ વળતર આપી શકશે, પણ જો રાજ્યમાં બાકી રહેલ શેષ જમીન/પ્લોટ એ EA ની ખરીદી બાદ જિલ્લાની સરેરાશ જમીન કરતાં ઓછી ધરાવે છે માટે આવા કોઈ નિર્ધારિત નિતિ-નિયમો ના હોય તો EA અસરગ્રસ્ત પક્ષકાર સાથે કરારમાં નીચેના પૈકી એકને અનુસરશે :

i. EA બાકીની શેષ જમીન/પ્લોટ હક્ક પત્રકમાં દર્શાવેલ હક્કોને અનુસરતાં યોજના માટે ખરીદશે, અથવા,
ii. EA અસરગ્રસ્ત પક્ષકારને તેની બાકી રહેલ શેષ જમીન/પ્લોટ ખરીદ્યા વિના તેની રકમ/મૂલ્યના 25 ટકા રકમ ચૂકવશે.

Note D નોંધ ડી

ઘરો, મકાનો, ઈમારતો અને અન્ય સ્થાયી મિલકતો માટે જે-તે તારીખના રોજની ઘસારા વગરની સંલગ્ન બેઝીક શીડ્યુલ રેઈટ (બી.એસ.આર.) ને ધ્યાનમાં લઈ તેની રીપ્લેસમેન્ટ કિંમતને આધારે તેનું વળતર નક્કી કરવામાં આવશે. બી.એસ.આર. ને ધ્યાને લેતા સમયે સરકારમાં નોંધાયેલ સ્વતંત્ર મૂલ્યાંકનકાર જે-તે ક્ષેત્રના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના રહેઠાણો અને વ્યવસાયિક માળખાઓ માટે અત્યાધુનિક બી.એસ.આર.નો ઉપયોગ કરશે અને મિલકતના જે-તે માલિક સાથે પરામર્શ કરશે.

Note E નોંધ ઈ

NRRP 2007 અસરગ્રસ્ત વ્યક્તિઓની વ્યાખ્યામાં વિકલાંગ, નિરાધાર, અનાથ, વિધવા, કુંવારીકાઓ, એકલી મહિલાઓ કે 50 વર્ષથી ઉપરની એકલી વ્યક્તિઓ કે જેઓને વૈકલ્પિક આજીવિકાનું કોઈ સાધન પુરૂં પાડવામાં આવેલ નથી કે પુરૂં પાડી શકાય તેમ નથી અને તેઓને કુટુંબના કોઈ હિસ્સા હેઠળ આવરી લેવાયા નથી (para 6.4 (v) NRRP 2007).

Note F નોંધ-એફ

વ્યાખ્યા-

<u>સીમાંત ખેડૂત –</u> એવો ખેડૂત જેની પાસે એક હેક્ટર કે તેથી ઓછી (અડધા હેક્ટર સુધીની) સિંચાઈની સુવિધા વગરની જમીન છે.

<u>નાનો ખેડૂત</u>– એવો ખેડૂત જેની પાસે બે હેક્ટર કે તેથી ઓછી (એક હેક્ટર સુધીની) પણ સીમાંત ખેડૂતથી વધારે સિંચાઈની સુવિધા વગરની જમીન છે.

<u>અતિક્રમણકાર</u> – એવી વ્યક્તિ/કુટુંબ જેણે પોતાની જમીન કે અન્ય સ્થાયી મિલકતને લગોલગ આવેલ સાર્વજનિક જમીનમાં ઉલ્લંઘન કરી દબાણ કરી વધારાની આવક થકી આજીવિકા કે આશ્રય ઉભો કર્યો છે (કટઑફ તારીખ પહેલા).

<u>સ્ક્વૉટર</u> – એવી વ્યક્તિ/કુટુંબ જેણે સાર્વજનિક જમીનમાં મંજૂરી વગર સ્થાયી થયા છે અથવા તો કટઑફ તારીખ પહેલાં સત્તા વગર સાર્વજનિક મકાનનો કબજો ધારણ કરેલ છે અને તેઓ પોતાના આશ્રય કે આજીવિકા માટે તેની પર આધાર રાખે છે, એ સિવાય તેમને આશ્રય કે આજીવિકા માટે બીજો કોઈ સ્ત્રોત નથી.

સંસ્થાકીય વ્યવસ્થા

DFCCIL યોજના અમલીકરણ એજન્સીના નાતે સમાવેશક દ્રષ્ટિએ તકનીકી સાપેક્ષતા અને યોજનાના અમલીકરણ તથા ઋણ ભંડોળના ઉપયોગ પર દેખરેખ અને સમાવેશક અમલીકરણ પ્રક્રીયા માટે જવાબદાર છે. DFCCIL ના સંચાલકશ્રી સંસ્થાના વડા હોવાના નાતે RRP સફળ અમલીકરણ માટે જવાબદાર છે. DFCCIL એ મુખ્ય યોજના સંચાલકશ્રીનું કાર્યાલય આ માટે તૈયાર કર્યું છે જે વડોદરા, અમદાવાદ, અજમેર, જયપુર અને નોઈડા ખાતે યોજનાના સંચાલન એકમ તરીકે કામ કરશે અને તેના વડા તરીકે જનરલ મેનેજર કક્ષાના અધિકારીઓ રહેશે. કોર્પોરેટ ઑફિસ ખાતે, પર્યાવરણ અને સામાજિક એકમ તૈયાર કરાયેલ છે જેના વડા તરીકે જનરલ મેનેજર કક્ષાના (SEMU) અધિકારીઓ છે જેઓ જમીન સંપાદન કાર્યવાહી અને પુનઃસ્થાપન તથા પુર્નવસન કામગીરીઓની દેખરેખ રાખશે. કોર્પોરેટ ઓફિસ અને પ્રોજેક્ટ ઓફિસનું માળખું અહીં નીચે આકૃતિ 1 અને 2માં દર્શાવેલ છે.



આકૃતિ-1 – કોર્પોરેટ ઑફિસ માટેનું સંસ્થાકીય માળખું



આકૃતિ-2 – પ્રોજેક્ટ ઑફિસ માટેનું સંસ્થાકીય માળખું

તકરાર નિવારણ પક્રીયા

અસરગ્રસ્ત લોકો/કુટુંબો કે અન્ય સ્થાનિક નિવાસીઓ કે જેઓ ડીએફસી યોજના અમલીકરણ કામગીરીમાં હિત ધરાવતા હોય તેઓ દ્વારા રજૂ કરાયેલ ફરીયાદો/તકરારોને સાંભળીને તેના નિવારણ માટે ફીલ્ડ અને હેડક્વાર્ટર સ્તરે R&R સમિતિઓ હશે. (NRRP, 2007ની કલમ 8.1 મુજબ).

(1) **ફિલ્ડ સ્તરે તકરાર નિવારણ** : મુખ્ય યોજના સંચાલક દ્વારા પુનઃસ્થાપન અને પુર્નવસન સમિતીનું સંચાલન થશે જેમાં નીચેના સભ્યો હશે :-

a. જે-તે જિલ્લાના જિલ્લા કલેક્ટર કે તેના નીમાયેલ વ્યક્તિ (મુખ્ય);
b. નાયબ-મુખ્ય યોજના વ્યવસ્થાપક - DFC;
c. સંલગ્ન સક્ષમ સત્તાધીશ/વહીવટદાર (R&R) (આમંત્રિત);
d. સંલગ્ન સહાયક યોજના વ્યવસ્થાપક-સામાજિક (માત્ર સેક્રેટરીયલ સેવા પૂરી પાડવા)
e. જિલ્લા પરીષદ પ્રમુખ/તેના કે તેણીના નિમાયેલ વ્યક્તિ, અને
f. સંકળાયેલ એનજીઓ સંસ્થાનો સભ્ય

(2) **યોજના સ્તરે તકરાર નિવારણ** : સામાન્ય વ્યવસ્થાપક (SEMU) સંચાલિત દ્વારા પુનઃસ્થાપન અને પુર્નવસન સમિતીનું જેમાં નીચેના સભ્યો હશે :-

a. સંચાલકશ્રી PP, DFCCIL;
b. GM/LA&SEMU, DFCCIL;
c. સંચાલકશ્રી આયોજન (ખાસ), રેલ્વે બોર્ડ, રેલવે મંત્રાલય
d. નાયબ વ્યવસ્થાપકશ્રી –તકરાર , DFCCIL; અને
e. ઉપરી સમાજિક વિકાસ તજજ્ઞ, SEMU, DFCCIL.

(3) **લવાદની ભૂમિકા** : ભારતના રાજપત્ર થકી નિમણૂંક પામેલ જે-તે વિસ્તાર માટેનો લવાદ એ RAA, 2008 હેઠળ અસરગ્રસ્ત કુટુંબોને ચૂકવવાપાત્ર વળતર સંબંધિત તકરારો સાંભળશે અને તેનું નિરાકરણ કરશે

(4) MOR દ્વારા નિમાયેલ ઑમ્બડ્ઝમૅન (જાહેર સત્તાધારીઓ સામે લોકોની ફરીયાદની તપાસ માટેનો અધિકારી) (RAA 2008ના ક્ષેત્રમાં આવતી હોય તે સિવાયની) DFCCIL દ્વારા સ્થાપિત કરાયેલ R&R સમિતિ દ્વારા હાથ ના ધરાયેલ હોય તેવી ફરીયાદો/તકરારોનું અસરગ્રસ્ત લોકો/કુટુંબને તેમણે કરેલ વિનંતીથી તેનું સંતોષજનક રીતે નિવારણ કરશે.

ડીએફસી ફિલ્ડ અને કોર્પોરેટ સ્તરે ફરીયાદ હાથ ધરવાની પધ્ધતિ

(1) ફિલ્ડ સ્તરે ફરીયાદ હાથ ધરવાની પધ્ધતિ

1. કૃષિ, રહેણાંક અને વ્યવસાયિક તથા અન્ય મિલકતો માટેના વળતરની ફરીયાદો/તકરારો શરૂઆતના તબક્કે CPM ઑફિસે લેવામાં આવશે. જરૂરી દસ્તાવેજોની ચકાસણી કર્યેથી આ ફરીયાદ વ્યાજબી જણાયેથી સંભવતઃ તેને CPM સ્તરે જ નિરાકરણ લાવવામાં આવશે. જો ફિલ્ડ સ્તરે તેનું નિરાકરણ ના આવે તો તેને કોર્પોરેટ ઑફિસે લઈ જવાશે.

(2) કોર્પોરેટ સ્તરે ફરીયાદ હાથ ધરવાની પધ્ધતિ

1. ફરીયાદ હાથ ધરવાની એક સેન્ટ્રલાઈઝડ પધ્ધતિ જેમાં પ્રોજેક્ટ લૉગ જાળવવું, મળેલ દરેક ફરીયાદની ફોલોઅપ કામગીરી, દેખરેખની સ્થિતી વિગેરે જાળવવી, DFCCIL દ્વારા સ્થાપના કરાશે.
2. ફરીયાદ ઉકેલવાની પધ્ધતિ MOR અને કેન્દ્રિય તકેદારી મંડળની માર્ગદર્શીકાઓની શરતો અનુસાર સ્થાપિત કરવામાં આવશે.
3. ફરીયાદ પત્રકો દરેક સ્થાનિક કાર્યાલય ખાતે અને દરેક GGM/GM કોર્પોરેટ કાર્યાલય ખાતે ખોલવામાં આવ્યા છે. જે-તે કાર્યાલય ખાતે મળેલી બધી જ ફરીયાદોની નોંધ આ પત્રકમાં કરવામાં આવશે. વિજીલન્સ દ્રષ્ટિક્ષેપ ધરાવતી ફરીયાદોને સંબંધિત અધિકારી દ્વારા મુખ્ય તકેદારી અધિકારી (સીવીઓ)ને મોકલી આપવામાં આવશે.
4. GM/IT ને ચીફ કમ્પ્લેઈન હેન્ડલીંગ ઓફિસર તરીકે નિયુક્ત કરાયા છે જેઓ મળેલ ફરીયાદોના ઉકેલ, નિકાલ ઉપર દેખરેખ રાખશે અને દર મહિને બોર્ડ ઓફ ડીરેક્ટર્સ સમક્ષ સ્થિતીની રજૂઆત કરશે.
5. મળેલ બધી જ તકરારો કે ફરીયાદોનું રેકોર્ડીંગ, જે-તે યોગ્ય વિભાગને રવાનગી વિગેરે DFCCIL દ્વારા હાથ ધરવામાં આવશે જેના વ્યક્તિગત દરેક કેસ માટે આપમેળે સ્ટાન્ડર્ડ ફોર્મેટનો રીપોર્ટ તૈયાર થશે.
6. DFC કોઈપણ સ્રોત થકી મળેલ એવી દરેક ફરીયાદનો ફરીયાદ મળ્યાની તારીખથી 15 દિવસમાં જવાબ આપશે.
7. ટીપ્પણી, સૂચનો અને તકરાર નિવારણના અન્ય ઘટકો વિગેરે વેબસાઈટ (http://www.dffccil.org) માં સમાવિષ્ટ કરાયા છે. જેને દર મહિને અપડેટ કરવામાં આવશે. આ વેબસાઈટ પરથી ફરીયાદી દ્વારા તેની ફરીયાદની હાલની સ્થિતી પણ જાણી શકે છે.
8. તપાસની સ્થિતી અને હાથ ધરાયેલ પગલાંઓનો રીપોર્ટ સંચાલન મંડળને દર મહિને અપાતા અહેવાલમાં સમાવિષ્ટ કરાશે.
9. ફરીયાદ વિભાગની અસરકારક કામગીરી માટે, ફરીયાદના વૈકલ્પિક ઉકેલ અંગેની માહિતીને વેબસાઈટ ઉપર તથા કામગીરીના સ્થળ પરના માહિતીના બોર્ડ અને સ્થાનિક કાર્યાલયોમાં જાહેર કરાશે.
10. સર્વે કરાયેલ કે નહીં કરાયેલ ટાઈટલ ધારકો માટેની તકરાર નિવારણ પધ્ધતિ એક જ સમાન રહેશે.

અંદાજિત ખર્ચ : RRP નો પ્રથમ તબક્કો, ડીસેમ્બર 2009ના અહેવાલમાં અંદાજીત બજેટ વર્ણવેલ ચે જેને ઓગષ્ટ, 2012માં અપડેટ કરાયેલ છે.

RRP અહેવાલનું વિતરણ : વિગતવાર માહિતી માટે પુનઃસ્થાપન અને પુનર્વસન યોજના (RRP)ને નીચેના સ્થળોએ પ્રસિધ્ધ કરવામાં આવી છે.

- ✓ RRP અહેવાલનો સારાંશ (આ સારાંશ અહેવાલ): અસરગ્રસ્ત એવા તમામ ગામોમાં સ્થાનિક ભાષા (હિન્દી કે ગુજરાતી) અને અંગ્રેજી ભાષાઓમાં ઉપલબ્ધ છે.
- ✓ મુખ્ય RRP અહેવાલ : સંલગ્ન CPM કાર્યાલયો, DFCCIL કોર્પોરેટ ઓફિસ, મુખ્ય રેલવે મથકો અને જિલ્લા કલેક્ટર ઓફિસોમાં માં અંગ્રેજીમાં ઉપલબ્ધ છે.

સંલગ્ન સંસ્થાઓનો સંપર્ક Contact of Relevant Organisations

CPM ઑફિસ વડોદરા : ચોથે માળ, એ બ્લોક, નર્મદા નહેર ભવન, (સરદાર સરોવર નર્મદા નિગમ ઓફિસ), છાણી જકાત નાકા, વડોદરા-395002, ગુજરાત.

CPM ઑફિસ –અમદાવાદ **:** પહેલે માળ, જૂના ડીઆરએમ બિલ્ડીંગ, કાલુપુર, અમદાવાદ-380002, ગુજરાત.

CPM ઑફિસ-અજમેર **:** 42 એ/3, સિવિલ લાઈન, અજમેર-305001. રાજસ્થાન

CPM ઑફિસ – જયપુર **:** બી-12, હનુમાન નગર, સિરફી રોડ, જયપુર-202021, રાજસ્થાન, અને

CPM ઑફિસ-નોઇડા **:** ડી-89, પહેલે માળ, સેક્ટર-2, નોઈડા-301201, ઉત્તરપ્રદેશ.

સક્ષમ સત્તા **:**

1. વડોદરા જિલ્લો – જમીન સંપાદન અધિકારી, યુનિટ નં.1, વડોદરા, છઠ્ઠો માળ, કૂબેર ભવન, કોઠી કંમપાઉન્ડ, વડોદરા, ગુજરાત.
2. આણંદ જિલ્લો – (1) પ્રાંત અધિકારી, આણંદ, પ્રાંત અધિકારીની કચેરી, અમૂલ ડેરી રોડ, આણંદ, ગુજરાત. (2) પ્રાંત અધિકારી, પેટલાદ, પ્રાંત અધિકારીની કચેરી, પેટલાદ, ગુજરાત.
3. ખેડા જિલ્લો - જમીન સંપાદન અધિકારી, ખેડા, જુની કલેક્ટર ઓફિસ, ખેડા, જિલ્લો ખેડા, ગુજરાત.
4. અમદાવાદ જિલ્લો દ્વિતિય વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી, પહેલે માળ, જિલ્લા સેવા સદન, કલેક્ટર ઓફિસ, અમદાવાદ, ગુજરાત.
5. ગાંધીનગર જિલ્લો – ખાસ જમીન સંપાદન અધિકારી, ગાંધીનગર, બહુમાળી મકાન, ડી-બ્લોક, પહેલે માળ, સેક્ટર-11, ગાંધીનગર, ગુજરાત.
6. મહેસાણા જિલ્લો - ખાસ જમીન સંપાદન અધિકારી, ઓફિસ નં.1, મહેસાણા બ્લોક નં. 3, ત્રીજે માળ, બહુમાળી મકાન, મહેસાણા, ગુજરાત.
7. પાટણ જિલ્લો – પ્રાંત અધિકારી, પાટણ, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ રોડ, પાટણ, ગુજરાત.
8. બનાસકાંઠા જિલ્લો – નાયબ કલેક્ટર, પાલનપુર, ગ્રાઉન્ડ ફ્લોર, જોરાવર પ્લેસ, કલેક્ટર ઓફિસ, બનાસકાંઠા, પાલનપુર, ગુજરાત.
9. સિરોહી જિલ્લો – પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), આબુ પર્વત, સિરોહી.
10. પાલી જિલ્લો – (1) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), સૂમેરપુર (2) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી) બાલી, (3) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), સોજત (4) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), જૈતરણ અને (5) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), દેસૂરી
11. અજમેર જિલ્લો - (1) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), અજમેર, (2) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), બિયાવર, (3) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), કિશનગઢ (4) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી) અને (5) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી) મસુદા.
12. નાગૌર જિલ્લો - પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), નાવા
13. જયપુર જિલ્લો - પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), સાભાંર, પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), ડૂડૂ અને પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), ચોમુ.
14. અલવર જિલ્લો - પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), બેહરોર.

15. સિકર જિલ્લો – (1) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), નીમ કા થાના, અને (2) પેટા વિભાગીય અધિકારી (ઉપખંડ અધિકારી), શ્રી માધોપુર.
16. મહેન્દરગઢ જિલ્લો – એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મહેન્દરગઢ, અને
17. રેવારી જિલ્લો – જિલ્લા મહેસૂલ અધિકારી, રેવારી.

લવાદ :

1. આણંદ, વડોદરા જિલ્લો – મત્સ્યવિભાગના કમિશ્નરશ્રી
2. અમદાવાદ, ગાંધીનગર અને ખેડા જિલ્લો – કમિશ્નરશ્રી – આદિજાતી વિકાસ.
3. બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લો – વિકાસ કમિશ્નરશ્રી,
4. પાલી અને સિરોહી જિલ્લો – વિભાગીય કમિશ્નરશ્રી, જોધપુર.
5. અજમેર અને નાગપુર જિલ્લો – વિભાગીય કમિશ્નરશ્રી, અજમેર.
6. જયપુર, અલવર અને સિકર જિલ્લો – વિભાગીય કમિશ્નરશ્રી, જયપુર, અને
7. રેવારી અને મહેન્દરગઢ જિલ્લો – વિભાગીય કમિશ્નરશ્રી, ગુરગાંવ.

SEMU, DFCCIL કોર્પોરેટ ઓફિસ : પ્રગતિ મેદાન, મેટ્રો સ્ટેશન બિલ્ડીંગ, નવી દિલ્હી – 110001

ઑમ્બડ્ઝ્મૅન, **DFCCIL** કોર્પોરેટ ઓફિસ : પ્રગતિ મેદાન, મેટ્રો સ્ટેશન બિલ્ડીંગ, નવી દિલ્હી – 110001.